
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




વુમેન્સ ડે પર અજાણી મહિલાને વીશ કરી દીધુ તેમાં...!!

# ઓજસ એગ્રો ગોડાઉનમાં ભભુકેલી આગમાં ગાંધીનગર ફાયર ટીમ પણ જોડાઈ

**નંદાસણ પાસે ઉંટવા જીઆઈડીસી ઝોનમાં વેર હાઉસમાં સવારે ૧૧ વાગે આગ લાગી હતી, ગાંધીનગર ફાયર બિગ્રેડને સાંજે ૬ કલાકે જાણ કરાઈ, સબ ફાયર ઓફિસર રાજેશ પટેલ અને ટીમ રવાના થઈ, ૧૪ કલાક બાદ આગ પર કાબુ મેળવાયો, કલોલ, કડી, મહેસાણા, અમદાવાદની ફાયર ટીમની પણ પ્રસંસનીય કામગીરી**





ગાંધીનગર, તા.૯

અડાલજ-મહેસાણા હાઈ વે પર નંદાસણ ઉટવા ગામ નજીક જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ઓજસ એગ્રો ઈન્ડરસ્ટ્રીઝના ગોડાઉનમાં ગતરોજ સવારે ૧૧ વાગે અચાનક આગ ભભુકી ઉઠી હતી. ભીષણ આગને કાબુમાં કરવા માટે મહેસાણા, કડી, કલોલ, ગાંધીનગર અને અમદાવાદ ફાયર બિગ્રેડની ટીમોએ ૧૪ કલાક અને સાડા ત્રણ લાખ લીટરથી વધુ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગના બનવામાં અંદાજીત કરોડો રૂપીયાનું નુકશાન થયુ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સવારે ૧૧ વાગે આગના બનાવની જાણ ગાંધીનગર ફાયર બિગ્રેડને સાંજના ૬ કલાકે જાણ કરવામાં આવતા જ ફાયર બિગ્રેડની ટીમ રવાના થઈ ગઈ હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કડી થી નંદાસણ રોડ ઉપર આવેલા ઉંટવા ગામ જીઆઈડીસી ઝોનમાં આવેલા ઓજસ એગ્રો ઈન્ડરસ્ટ્રીઝ નામનું ગોડાઉન આવેલુ છે. આ ગોડાઉનના માલિક રવિ રઘુનાથ પરીખ છે. આ ગોડાઉનની અંદર પશુઆહાર, જેવા કે સાગરદાન, મકાઈનું ભુસુ, ડાંગરનું ભુસુ, કપાસીયા ખોળ, સોયાબીન સહિતની સામગ્રીનો મોટા પ્રમાણમાં જથ્થો સંગ્રહ કરાયો હતો. ગતરોજ સવારે ૧૧ કલાકે અચાનક આ વેર હાઉસમાં આગ ભભુકી ઉઠી હતી. ગણતરીના સમયમાં આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતા આગની જવાળોમાં એક પછી એક ચીજવસ્તુઓ આવવા લાગી હતી. ત્યારે વેર હાઉસની આગને કાબુમાં કરવા માટે નગરપાલિકા અને મહાનગર પાલિકાની ૭ જેટલી ફાયર ફાઈટર-ગજરાજ સહિત સબ ફાયર ઓફિસ તેમજ ફાયર મેનોની ૧૪ કલાકની ભારે જહેમત બાદ અને સાડા ત્રણ લાખ લીટર પાણીનો છંટકાવ કરીને આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. ત્યારે આગમાં અંદાજીત ચાર કરોડનું નુકશાન થયુ હોય તેમ લાગી રહ્યું છે.

વેર હાઉસમાં રહેલ પશુ આહર સંપૂર્ણ બળીને ખાક થઈ ગયો છે.જયારે આગની જવાળો દુર દુર સુધી જોવા મળી હતી. આગને પગલે અન્ય ગોડાઉન માલિકોના જીવ પણ તાળવે ચોંટી ગયા હતા. જયારે આગ પર સંપૂર્ણ કાબુ મેળવતા સૌ કોઈએ રાહતનો શ્વાસી લીધો હતો.

### આગ લાગી તે જીઆઈડીસીમાં ફાયર સુવિધાના નામે મીંડુ

નંદાસણ પાસે ઉંટવા જીઆઈડીસી ઝોનમાં આવેલા ઓજસ એગ્રોમાં આગ ભભુકી ઉઠી હતી. જેમાં આગની ઝપેટમાં સામાન અને ચીજવસ્તુઓ આવી જતા કરોડો રૂપીયાનું નુકશાન થયું છે.ત્યારે જીઆઈડીસી વિસ્તારમાં ફાયર સિસ્ટમની કોઈ ખાસ સુવિધા જોવા મળી ન હતી. તે ઉપરાંત પાણીનો બોર પણ ન હોવાથી ફાયરની ગાડીમાં પાણી ખલાસ થઈ જતા બે કિલો મીટર દુર પાણી ભરવા માટે જવુ પડતુ હતું.

### ફાયરની વિવિધ ટીમોએ ૧૪ કલાક પાણીનો છંટકાવ કર્યો

અમદાવાદના થલતેજ-ચાંદખેડા ફાયર સ્ટેશનની ગજરાજ, મહેસાણા નગરપાલિકા, કડી નગરપાલિકા, અમદાવાદ અને ગાંધીનગર મહાનગરપાલિકાની ફાયર સહિત ૭ ફાયર ફાઈટર અને ટીમના સભ્યો આગને કાબુમાં કરવા માટે જોડાયા હતા. જેમાં ૧૪ કલાક સુધી સાડા ત્રણ લાખ લીટર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

## ખૂણેખાંચરેથી



● ધૂળેટી પર્વની રજા પછી કર્મચારીઓમાં આજે પણ રજાનો માહોલ જ જોવા મળતો હતો.

● આજે ગાંધીનગર શહેરમાંથી ઘણા ક્રિકેટરસિયાઓ મેચ જોવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સવારથી જ પહોંચ્યા હતા.

● ગાંધીનગર જિલ્લામાં હાલ બેવડી ઋતુને લઈ વાઈરલ ફિવરના કેસોમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે.

● લાયોનેસ કલબ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી છે.

● કલોલમાં પીએનબીનું એટીએમ મશીન ઉઠાવી જવાનો પ્રયાસ થયાની ફરિયાદ નોંધાઈ છે.

● દહેગામમાં તલાટીઓ દ્વારા મરણની નોંધ થઈ છે કે નહિ તેનો દાખલો આપવામાં આવે છે જેને લઈ કિસાન મોરચાના પ્રમુખે ટી.ડી.ઓ.ને પત્ર લખ્યો છે.

● ગાંધીનગરના અંબાપુર ગામમાં સામાન્ય બાબતે બે વ્યક્તીઓએ દંપત્તીને માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે.

● ચોળાફળી ના મળતાં ત્રણ શખ્સોએ બે યુવક પર હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

● મહિલા પતંજલિ યોગ સમિતિ, ભાજપ અને ગાંધીનગર ભારતીય માનસ યોગ ટ્રસ્ટના ઉપક્રમે મહિલા દિવસની ઉજવણી કરાઈ હતી.

● દહેગામ બ્રહ્માકુમારી પરિવારે હોમગાર્ડ પોલીસ કર્મી મહિલાઓ સાથે મહિલા દિવસની ઉજવણી કરી.

● ચિલોડા પોલીસે હર્ષોલ્લાસ સાથે રંગપર્વની ઉજવણી કરી હતી.

● પેથાપુર પોલીસે પણ પોલીસ સ્ટેશનમાં રંગોત્સવની ઉજવણી કરી હતી.

● માણસા ખાતે તાલુકાના શિક્ષકોને આરોગ્યની તાલિમ અપાઈ હતી.

● કલોલમાં એક્ટીવા ચોરીની ફરિયાદ નોંધાઈ છે.

● ધૂળેટી પર્વની સાંજે ભક્તોની ભીડ મંદિરોમાં જોવા મળી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે મુલાકાતીઓ ઓછા હતા અને ટ્રાફિક ભારણ પણ ઓછુ રહ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

# ખ-૧ પાસે બુલેટ સ્લીપ ખાઈ જતા આશાસ્પદ યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

શહેરની સરગાસણ ચોકડી થી મહાત્મા મંદિર તરફ જતા રોડ પર ખ-૧ પાસે ગઈરાત્રીના સમયે બુલેટ સ્લીપ ખાઈ જતા આશાસ્પદ યુવકનું મૃત્યુ નિપજયું હતું. બુલેટ સ્લીપ ખાઈ ગયા પછી ડીવાઈડર સાથે ટકરાયું હતું. જયારે યુવક નીચે પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. શહેર નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવકે અંતિમ શ્વાસ લીધા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ શ્યામાપ્રસાદ મુખર્જીનગરમાં વસવાટ કરતા દિવાનભાઈ મનજીભાઈ અસારીના બે ભાઈ પૈકી સૌથી નાના ભાઈ કનુભાઈનું બે વર્ષ અગાઉ અવસાન થયું છે. જયારે તેમના પત્ની અરૂણાબેન તેજમ એક ભત્રીજો અજય અને બે ભત્રીજીઓ મિત્તલ અને પાયલ સરગાસણ ખાતે સ્વાગત બ્લોસમ સોસાયટી ખાતે રહે છે. જયારે ગઈકાલે રાત્રીના અગીયાર વાગ્યાના અરસામાં અજય બુલેટ લઈને સરગાસણ ચોકડી થી મહાત્મા મંદિર તરફ માર્ગ પરથી જઈ રહ્યો હતો. ત્યારે ખ-૧ પાસે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારતા બુલેટ સ્લીપ ખાઈ જતા ડીવાઈડર સાથે ટકરાયું હતું.

અકસ્માતમાં માર્ગ પર પટકાતા અજયને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતની જાણ થતા દિવાનભાઈ તેમજ અન્ય પરિવારજનો સિવિલ ખાતે દોડી પહોચ્યા હતા. જયારે અજયને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવાયો હતો. જયાં શહેરના આશાસ્પદ યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સે-૨૪ શ્રીનગર સોસાયટીમાં વકીલ પર તલવાર વડે હુમલો

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૨૪ શ્રીનગર ખાતે રહેતા બે પરિવાર વચ્ચે સામાન્ય બાબતે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. જેમાં વકીલ પર સિમેન્ટના બ્લોક, પાઈપો અને તલવાર વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે સામસામે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ શ્રીનગર સોસાયટી ખાતે રહેતા એડવોકેટ જગદીશ અતુલભાઈ દેસાઈ ગત તા.૮ માર્ચના રોજ રાત્રે જમી પરવારીને આંટો મારવા નીકળ્યા હતા. ત્યારે નજીકમાં રહેતા કસ્તુરભાઈ માલી ના ઘર પાસે કેટલાક વ્યકિત ગાળાગાળી કરી રહ્યા હતા. આથી જગદીશભાઈએ સોસાયટીમાં અન્ય પરિવાર પણ રહેતા હોવાનું કહી ગાળો નહી બોલવા માટે જણાવ્યું હતું. જેથી કસ્તુરભાઈ અચાનક ઉશ્કેરાઈ ગયા હતા અને કહેતા હતા કે તું તારી પંચાયત કર, મને તારે કાઈ કહેવાની જરુર નથી, તેમ કહીને સિમેન્ટનો બ્લોક માથાના ભાગે ઝીંકી દીધો હતો.જયારે ઉપરાણુ લઈને તુલસીભાઈ માલી તલવાર તેમજ પાઈપો લઈને આવી ગયા હતા. ત્યારે આકાશે તલવાર કપાળ- માથાના ભાગે મારી હતી. જેથી જગદીશભાઈ લોહીલુહાણ થઈ જતા તેમના પિતા અને તેમનો ભાઈ દોડી આવ્યા હતા. તેઓને પણ પાઈપ વડે માર માર્યો હતો.

જયારે બીજીતરફ કસ્તુર માલીએ ફરીયાદ નોંધાવી છે કે તેઓ વિવિધ જગ્યાએ ચોળાફળીનો વેપાર કરે છે. બનાવની રાત્રે જગદીશભાઈ, સમીરભાઈ તેમજ અતુલભાઈ દેસાઈ ઉભા હતા. તે સમયે અતુલભાઈએ ચોળાફળી માંગી હતી. જો કે હાલમાં ચોળાફળી નથી તેવુ કસ્તુરભાઈ કહેતા જ જગદીશભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈને ગાળો બોલી ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. તેનુ ઉપરાણુ લઈને તેનો ભાઈ સમીર અને પિતા અતુલભાઈ પર દોડી આવીને ઝપાઝપી કરવા લાગ્યા હતા.તેઓને છોડાવવા માટે દિકરો આકાશ અને પુત્રવધુ રેખા વચ્ચે પડતા સમીરે પાઈપ વડે હુમલો કર્યો હતો. આ બનાવમાં કસ્તુરભાઈના ગળામાંથી સોનાની ચેઈન પડી ગઈ હતી. સ્થાનિક વસાહતીઓએ મામલો થાળે પાડ્યો હતો. જયારે સેકટર-૨૧ પોલીસે બંને પક્ષે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અંતરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૯

ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા સંચાલિત ઠેર ઠેર યોગ વર્ગો ચાલુ કર્યા છે. તેમાં સેક્ટર ૪ ના ગાર્ડન ખાતે નિયમિત, નિઃશુલ્ક યોગ વર્ગ યોગ કોચ આશાબેન મેહતા દ્વારા ચાલી રહ્યા છે જેમાં અંતરાષ્ટ્રીય મહિલા દિન ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હર્ષા બેન રાજ્યગોર, સવિતાબેન ગણાત્રા, પાયલ પટેલ, કોમલ દેવકર, કલાવતી દેવકરે ખૂબ સુંદર વકતવ્ય આપ્યું હતું. યોગ કોચ આશા બેન મેહતા એ વિવિધ ગેમ્સ રમાડી જેમાં પ્રથમ ચંપાબેન દેસાઈ, દ્વિતીય નૈનાબેન ગોસ્વામી તેમજ ત્રિતીય નંબરે કોમલ દેવકર રહ્યા હતા. અલ્પાહાર નું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. માધવીબેન શુક્લા એ આભાર વિધિ કરી હતી.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન યોગ ટીમે કર્યું હતું.

# વિશ્વમહિલા દિને ત્રિવેણી કાર્યક્રમમાં નારીચેતનાનો ઉલ્લાસ



ગાંધીનગર,તા.૦૯

વિશ્વમહિલા દિને ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત ત્રિવેણી કાર્યક્રમ અમદાવાદ મેડિકલ હોલ ખાતે યોજાયો હતો. જેમાં કાવ્યપાઠ, કાવ્યગાન અને નૃત્યની પ્રસ્તુતિ થઈ હતી. અતિથિવિશેષ તરીકે પધારેલા સુપ્રસિદ્ધ કવિશ્રી ભાગ્યેશ જહાએ જણાવ્યું કે ‘સ્રીસશક્તિકરણ સાથે સ્રીપ્રશસ્તિકરણ પણ થવું જોઈએ. નારીઓને બિરદાવીશું નહીં ત્યાં સુધી સમાજની ગતિ-પ્રગતિ શક્ય નથી.’વિશ્વ પ્રસિદ્ધ નૃત્યાંગના પૌલોમી પંડિતે ગુજરાતી ગીતો પર નૃત્યની પ્રસ્તુતિથી શ્રોતાઓના દિલને ડોલાવ્યા હતા. ઉષા ઉપાધ્યાય, લતા હિરાણી, રક્ષા શુક્લ અને પ્રજ્ઞા વશીએ નારીચેતનાને વ્યક્ત કરતા કાવ્યો રજૂ કર્યા હતા. જાણીતા ગાયિકા માયા દીપક અને ડૉ. કૃતિ મેઘનાથી કાવ્યગાન દ્વારા નારીસંવેદનાનો ઉલ્લાસ કર્યો હતો. સંગીત હેતલ જીગ્નેશ રાવ અને સંચાલન ડૉ. મિતલ રાજગોરે કર્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ શુભકામના પાઠવી હતી. મોટી સંખ્યામાં ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરનો વ્યાજખોર રજની પટેલ પાસા હેઠળ જેલમાં ધકેલાયો




ગાંધીનગર,તા.૯

ગાંધીનગર શહેરમાં વ્યાજનો વ્યવસાય કરીને ઉંચુ વ્યાજ વસુલતા શખ્સ સામે પાસાનું શસ્ત્ર ઉગામી રાજકોટ જેલ ભેગો કરી પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. કોલવડા ગામના વ્યાજખોર રજની પટેલ કુડાસણ ખાતે રહે છે.જયારે તેમની સામે ત્રણ પોલીસ મથકે ગુના નોંધાયા છે. જેમાં કોલવડાના એક લેણદારે જીવ ગુમાવ્યો હોવાનું પણ સામે આવ્યું છે. ગુજરાત રાજયમાં ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા વ્યાજખોરો સામે છેલ્લા કેટલાક સમયથી ઝુંબેશ શરુ કરવામાં આવી છે. જેથી વ્યાજખોરોમાં ફફળાટ ફેલાયો છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા પણ કડકાઈથી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે ગાંધીનગર એલસીબી પીઆઈ દિવાનસિંહ વાળા દ્વારા વ્યાજખોરોની કેસોમાં સંડોવાયેલ શખ્સોની સમિક્ષા હાથ ધરાઈ હતી. જેમાં રજનીકાંત અંબાલાલ પટેલ (રહે ૫૪ વૃંદાવન બંગ્લોઝ કુડાસણ મુળ કોલવડા) સામે ગાધીનગર જિલ્લામાં કુલ-૩ ગુના નોંધાયેલ છે. જે ગુનાઓ ધ્યાને લઈ રીઢા વ્યાજખોર રજની પટેલના ત્રાસના કારણે એક લેણદારને જીવ ગુમાવ્યો હોવાનું બહાર આવ્યું હતું. પાસા દરખાસ્ત તૈયાર કરવા માટે એએસઆઈ વિરભદ્રસિંહ લક્ષ્મણસિંહ રાણાને સુચના આપી હતી. જેને પગલે વિરભદ્રસિંહે આરોપીના ગુનાહિત ઈતિહાસની યાદી બનાવી પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપવામાં આવી હતી. ત્યારે ઉપરોકત શખ્સ સામે ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ હેઠળ તેજમ આત્મહત્યાના દુષ્પ્રેરણા અંગેનોંધાયેલા ગુનાને ધ્યાને લઈ ગાંધીનગર મેજીસ્ટ્રેટ દ્વારા પાસા દરખાસ્ત મંજુર કરાઈ હતી. જે હુકમના પગલે એલસીબીએ ગણતરીના દિવસોમાં રજની પટેલને શોધી કાઢી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

# ચિલોડા ગામમાં હોળી-ધૂળેટીની ઉજવણી

**પરંપરાગત ખેલૈયાઓ દ્વારા વિવિધ વેશભુષા સાથે ખેલ રમ્યા**



ચિલોડા, તા. ૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામે હોળી-ધૂળેટી પર્વની હર્ષોલ્લાસ ઉજવણી કરાઈ હતી. જેમાં મહાકાલી માતાજી યુવક મંડળ દ્વારા યુવાનોએ દર વર્ષની પરંપરાગત રીતે ઉજવાતો આ અનોખી રામલીલા ખેલમાં ખેલૈયાઓએ રામાયણ-મહાભારત આધુનિક વિવિધ વેશભુષા ધારણ કરી ભવ્ય રીતે માતાજીના મુખ્ય ચોકથી પ્રવેશદ્વાર સુધી વિવિધ પાત્રો ભજવી ખેલ રમ્યા હતા. મોટી સંખ્યામાં ગ્રામજનો જોવા ઉમટી આનંદ માણ્યો હતો.

# આદિવાસી સમુદાય સાથે ધારાસભ્ય રીટાબેન પટેલ ધૂળેટી રમ્યા



ગાંધીનગર, તા. ૯

આદિવાસી હોળી સમિતિ અને વસાહત મંડળ ૩-ન્યુ ના આગેવાનોએ હોળી ચોક ખાતે આદિવાસી સંસ્કૃતિને જાળવી રાખવા ધૂળેટીના પર્વનું આયોજન કર્યુ હતુ. જેમાં આદિવાસી સમુદાયના વડિલો, બહેનો, યુવકો, યુવતિઓ અને પર્વ પ્રેમીજનોએ ઢોલ, કુંડી, લેજીમ, દાંડિયાના તાલે નાચી ગાઈ વાતાવરણને પ્રફુલ્લીત બનાવી દીધુ હતુ. અન્ય સમાજના યુવાનોએ પણ ઉમળકાભેર વિવિધ નૃત્યો કરી સમગ્ર પર્વને વધુ જીવંત બનાવી અનેરો આનંદ માણ્યો હતો.

આઠમી માર્ચ વિશ્વ મહિલા દિવસ પણ હતો. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા નિવૃત્ત આઈપીએસ અધિકારી સી.આર. પરમાર, નિવૃત્ત અધિક સચિવ મુકેશ શુકલ, નિવૃત્ત ખાંડ નીયામક બી.આર. કટારાની હાજરીથી કાર્યક્રમ પ્રેરણાત્મક બની ગયો હતો.

ઉપસ્થિત આદિવાસી બહેનોએ પણ મહિલા દિન હોઈ શ્રીમતિ રીટાબેન અને શૈલાબેનનું ફૂલહારથી સ્વાગત કર્યુ હતુ.

રીટાબેને વનબંધુ સમાજની પડખે રહેવા કરીટબદ્ધતા દર્શાવી હતી. સમિતિના અગ્રણી રસિક કટારાએ આદિવાસી એકતા વિકાસ અને વ્યસન મુક્તિ અંગે સમજ આપી હતી. દરમ્યાન રીટાબેન અને શૈલાબેને આદિવાસી મહિલાઓ સાથે જોડાઈ લેજીમ રમ્યા હતા.

# ચિલોડા પોલીસકર્મીઓએ હર્ષોલ્લાસ સાથે રંગોત્સવ મનાવ્યો




ચિલોડા, તા. ૯

દેશભરમાં રંગોનો તહેવાર ધામધૂમથી ઉજવાયો. હોળી નિમિત્તે સવારથી ખેલૈયાઓ રંગબેરંગી ઈકો ફ્રેન્ડલી રંગોમાં રંગાઈ ગયા. દેશમાં આ તહેવાર પરંપરાગત રિવાજોમાં ઉજવે છે. અમુક ગામો ચિલોડા, મગોડી, વલાદ, પ્રાંતિયા અને ડભોડામાં ખેલૈયા ખેલ કાઢી ઉજવે છે. અનોખી હર્ષભેર ઉજવણી કરી. પોલીસ અધિકારી તથા પોલીસકર્મીઓએ ચિલોડા પોલીસમથકે એક બીજા પર પ્રાકૃતિક રંગોની છોળો ઉડાડી રંગોત્સવ ભવ્ય રીતે મનાવ્યો હતો. ધૂળેટી અને વિશ્વ મહિલા દિવસ બંને એક જ દિવસે આવતા જિલ્લાના ચિલોડા પોલીસ સ્ટેશનમાં ઉજવણી કરવામાં આવી. રંગોના પર્વ એટલે ધૂળેટીમાં ક્યાંય પણ કાયદો-વ્યવસ્થા ડહોળાય નહી તેની તકેદારી રાખવા માટે પોલીસકર્મીને ઓન ડ્યુટી જ હતા. જો કે આ પર્વમાં કોણ રંગે ન રંગાયો ગાંધીનગરના ચિલોડા પોલીસ સ્ટેશનમાં પણ કર્મચારીઓ પરિવારરૂપે તેમની ફરજ પર હાજર થઈ ગયા હતા. આ ઉપરાંત ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોવાથી તેના પણ પોલીસમથક મહિલા કર્મચારીઓની સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે વ્યસ્ત રહેતી પોલીસ વાર-તહેવારોમાં પણ પોતાના પરિવારથી દૂર હોય છે. ત્યારે પોલીસ પરિવાર સાથે જ તહેવારથી ભવ્ય અનોખી રીતે ઉજવણી કરી આનંદ-ઉલ્લાસ માણ્યો હતો. પોલીસ મહિલા કર્મચારીઓએ પોલીસમથકમાં ધૂળેટી રમ્યા બાદ વુમન્સ ડે ની સાથોસાથ ઉજવણી કરી હતી.